# બનાસકાંઠામાં ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ

ભૂકંપના પગલે લોકો ઘરની બહાર દોડી આવ્યા : ભૂકંપનું કેન્દ્ર બિંદુ અમીરગઢનું ગઢડા ગામઃ પાલનપુરમાં બપોરે ૨:૫૯ કલાકે ૨.૩ ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કોરોના ના કહેર વચ્ચે મંગળવારના રોજ બપોરના સમયે ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. ભૂકંપને પગલે લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. જેનું કેન્દ્ર બિંદુ અમીરગઢના ગઢડા ગામે નોંધાયુ હોવાનું જાણવા મળ્યુ છે. જોકે, ભૂકંપ ને પગલે કોઈ નુકસાનના સમાચાર નથી.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કોરોના ના કહેર વચ્ચે છેલ્લા એક અઠવાડીયા થી વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં સવારથી વાદળછાયું વાતાવરણ હતુ. ત્યારે જિલ્લા મથક પાલનપુર ખાતે બપોરના સમયે ભૂકપનો આંચકો આવતા લોકોમાં ફફડાટ પ્રસરી ગયો હતો. અને લોકો પોતાના ઘરની બહાર દોડી આવી સલામત સ્થળે પોહોંચી ગયા હતા.

આ અંગે આપત્તિ વ્યવસ્થાપન અધિકારી સંજયભાઈ ચૌહાણે જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ગઢડા ગામે ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોધાયુ છે. જેમાં બપોરે ૨:૫૯ કલાકે આવેલા ૨.૩ ની તિવ્રતાનો ભૂકંપ આંચકો નોંધાયો છે. જેમાં કોઈ નુકશાન થયુ નથી. પરંતુ પાલનપુર અને અમીરગઢની ધરા ધ્રુજતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. અને સલામત જગ્યાએ પહોંચી ગયા હતા. કોરોના મહામારી વચ્ચે બનાસકાંઠા જીલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. મંગળવારે બપોરના સમયે પાલનપુર અને દાંતીવાડા કોલોનીમાં ભૂકંપના આંચકા અનુભવાતાં રહીશો ઘરની બહાર નીકળી ગયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ પાલનપુરથી ૩૯ કિલોમીટર દૂર નોંધાયુ છે.

બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુર અને દાંતીવાડા કોલોનીમાં ભૂકંપનો આંચકો આવ્યો છે. આજે બપોરે પાલનપુરથી ૩૯ કિલોમીટર દૂર અમીરગઢના ગઢડા નજીક ૨.૫૯ વાગે જમીનથી ૨૯.૩ કિલોમીટર અંદર ૨.૩ ની તિવ્રતાનો ભૂકંપ આવ્યો હોવાનું સામે આવ્યુ છે. કોરોનાકાળ વચ્ચે અચાનક ભૂકંપ આવતાં સ્થાનિકો સહિતનાઓમાં ડરનું વાતાવરણ જોવા મળ્યુ હતુ.

# પાલનપુરમાં રૂ.૩.૨૭ લાખનો વિદેશી દારૂ ભરેલી કાર ઝડપાઈ

### એલસીબી પોલીસ દ્વારા ૨ આરોપીની અટકાયત




થર્ટી ફર્સ્ટની ઉજવણી પૂર્વે પાલનપુરમાં એલસીબીએ બુટલેગરોનો ફિલ્મી ઢબે પીછો કરી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી પાડી છે. ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે એરોમા સર્કલ પાસે વોચ ગોઠવી હતી. આ દરમ્યાન બાતમીવાળી કાર આવતાં તેને રોકવાનો ઈશારો કરતાં તેને આબુરોડ તરફ ભગાડી મુકતાં પોલીસે પણ તેનો ફિલ્મીઢબે પીછો કર્યો હતો. આ તરફ અંબાજીના માર્ગ ઉપર કારને ઓવરટેક કરી ઉભી રાખી ૨ ઈસમો સાથે કુલ ૩,૨૭,૬૦૦ નો દારૂ ઝડપી પાડ્યો છે. આ સાથે કુલ કિ.રૂ.૬,૩૯,૬૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી પાલનપુર પૂર્વ પોલીસ મથકે ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લા પોલીસવડા તરૂણ દુગ્ગલે પ્રોહિબિશન લગત કાર્યવાહી કરવા કડક સુચના આપેલ છે. જે અનુસંધાને એલસીબી પીઆઈ એચ. પી.પરમારના માર્ગદર્શન મુજબ દિગ્વિજયસિંહ, નરેશભાઈ, મહેશભાઈ સહિતનો સ્ટાફ પ્રોહી લગત પેટ્રોલિંગમાં હતો.

આ દરમ્યાન ડીસા તરફથી એક કાળા કલરની સ્કોડા ઓક્ટિવા કારમાં વિદેશી દારૂ ભરેલો હોઈ અને તે પાલનપુરથી પસાર થવાની છે તેવી બાતમી મળી હતી. જે બાતમી હોઈ પંચો સાથે એરોમા સર્કલ પાસે વોચ ગોઠવી કાર આવતાં તેને રોકવાનો ઈશારો કર્યો હતો.

જોકે ચાલક પોલીસને જોઈ અચાનક કાર પરત આબુરોડ તરફ વાળી હતી. જેથી એલસીબીની ટીમે પણ તાત્કાલિક ફિલ્મી ઢબે તેનો પીછો કર્યો હતો. આ તરફ કારચાલકે જૂના આરટીઓ તરફથી અંબાજી બાજુ કાર વાળતાં પોલીસે તેની ઓવરટેક કરી કાર રોકી હતી. જેમાં તપાસ કરતાં ૨ ઈસમો દારૂ સાથે મળી આવ્યા હતા.

થર્ટી ફસ્ટ પહેલાં બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા અવનવા કીમિયા અપનાવી રહ્યા છે. ત્યારે બનાસકાંઠા એલસીબી એ પાલનપુરથી વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી પાડતાં પંથકના બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસે કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૨૦૪ કિ.રૂ.૩,૨૭,૬૦૦, મોબાઈલ ફોન નંગ-૨ કિ.રૂ.૧૨,૦૦૦, સ્કોડા કારની કિ.રૂ.૩,૦૦,૦૦૦ મળી કુલ કિ. રૂ.૬,૩૯,૬૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ સાથે દારૂ લઈ આવતાં બે ઈસમો સહિત કુલ ૩ લોકો સામે પાલનપુર પૂર્વ પોલીસ મથકે પ્રોહી એક્ટની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### બનાસકાંઠાની ખાનગી શાળાઓમાં

# આરટીઈ હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી પેટે રૂ.૪.૬૩ કરોડ ચુકવાયા

### જિલ્લામાં કુલ ૩૦૬ શાળાઓમાં ૭૨૯૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે


સરહદી બનાસકાંઠા જિલ્લાની પ્રાઈવેટ શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ૩૦૬ પ્રાઈવેટ શાળાઓમાં ૭૨૯૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેમની ફી તેમજ સ્કુલના ડ્રેસ સહીતની ચીજવસ્તુઓ માટે સરકાર દ્વારા વિદ્યાર્થીઓને રૂ.૫૦૦૦ ૩૦૦૦ની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. જેથી ફિની રકમ શાળાઓ તેમજ વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરવામાં આવી છે.

સરકાર દ્વારા ગરીબ મધ્યમ અને નબળા વિદ્યાર્થીઓ માટે રાઈટ ટુ એજ્યુકેસન (આરટીઈ)ની યોજના અમલમાં મુકવામાં આવેલી છે.જેમાં ગરીબ અને નિઃસહાય તેમજ નબળા બાળકોને પ્રાઈવેટ શાળામાં અભ્યાસ કરાવવાનો તમામ ખર્ચ સરકાર દ્વારા ચુકવવામાં આવે છે.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારએ જણાવ્યુ હતુ કે, બનાસકાંઠામાં આવેલી ૩૦૬ પ્રાઈવેટ શાળામાં કુલ ૭૨૯૦ વિદ્યાર્થીઓ રાઈટ ટુ એજ્યુકેશ અંતર્ગત અભ્યાસ કરે છે. જેમની શિક્ષણ ફિ પેટે રૂ.૫૦૦૦ અને ગણવેશ સહીતના ખર્ચ માટે રૂ.૩૦૦૦ની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. જેમાં શિક્ષણ ફિ શાળાને ચુકવવાની હોય છે.તેમજ ડ્રેસની ફી વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરાવવાની હોય છે.જેના ભાગરૂપે જિલ્લાના પાલનપુર, દાંતા, ડીસા, ધાનેરા, થરાદ, વાવ, કાંકરેજ, દિયોદર, અમીરગઢ, દાંતીવાડા, ભાભર, લાખણી, સુઈગામ તાલુકામાં આવેલી પ્રાઈવેટ શાળાઓને રાઈટ ટુ એજ્યુકેશનના હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શિક્ષણ ફિ પેટે રૂ.૨,૪૪,૭૬,૦૭૩નું પ્રાઈવેટ શાળાઓને ચુકવણું કરવામાં આવ્યુ છે. તેમજ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ડ્રેસ પેટે રૂ.૨,૧૮,૭૦,૦૦૦ વિદ્યાર્થીઓ ના ખાતામાં ઓનલાઈન જમા કરાવવામાં આવ્યા છે.

# પાલનપુર નગરના વિકાસ નકશામાં વધુ ચાર વાંધા અરજી રજુ થઈ

### ૬૦ દિવસ સુધી વાંધા અરજીઓ સ્વિકારવામાં આવશે



ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા નો વિકાસ નકશો લોકોને જોવા માટે પાલિકાની લોબીમાં મુકવામાં આવ્યો છે. જેમાં વધુ ચાર વાંધા અરજીઓ રજુ થતા કુલ ૭ વાંધા અરજીઓ રજુ થઈ છે.

પાલનપુર નગરપાલિકાના સુત્રોએ જણાવ્યુ હતુ કે, અગાઉ તૈયાર કરેલ વિકાસ નકશામાં વિસંગતા જણાતા તે નકશો રદ થયો હતો. જેના પગલે ફરી બેઠક યોજાઈ હતી. અને ભાજપ દ્વારા બહુમતીથી વિકાસ નકશાને મંજુર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તે નકશાને લોકોને જોવા માટે અને કોઈ વાંધા હોય તો સુચન માટે મુકવામાં આવ્યો હતો. જેમાં અગાઉ બે વ્યક્તિઓને ડી.પી. રોડનો પ્રશ્ન હોવાથી પાલિકામાં વાંધા અરજી રજુ કરવામાં આવી છે. ત્યારબાદ વધુ ચાર વ્યક્તિઓ દ્વારા વાંધા અરજીઓ રજુ કરવામાં આવતા કુલ ૭ વાંધા અરજીઓ રજુ થઈ પાલીકામાં રજુ થઈ છે. જેથી ૬૦ દિવસમાં વાંધા અરજીઓ આવશે તેને એકત્રીત કરી તેના પર અભ્યાસ કરી વિકાસ અધિનીયમ ૧૯૭૬ મૂજબ કાર્યવાહી કરવામાં આવશે.

# મોડાસા સહયોગ બાયપાસ ચોકડી પર સર્કલ બનાવવા જનઆંદોલન

### અકસ્માતમાં ગર્ભવતી યુવતીના મોતથી લોકોમાં ભારે આક્રોશ

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના બાયપાસ રોડ પરથી દિલ્હીથી મુંબઈ જતા ભારવાહન ચાલકો





અને અન્ય વાહનચાલકો પસાર થતા હોવાથી સતત દિવસ-રાત ભારે ટ્રાફિક રહેતો હોવાથી અને અહીંથી પસાર થતા વાહનચાલકો પુરઝડપે પસાર થતા હોવાથી બાયપાસ રોડ પર સર્કલના અભાવે વારંવાર અકસ્માતની ઘટનાઓમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડતા લોકોમાં સર્કલ બનાવવા અનેકવાર રોડ પર ચક્કાજામ પણ રહીશોએ કર્યો હતો. મોડાસાની વિવિધ સેવાકીય સંસ્થો દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી આવેદનપત્ર આપવાની સાથે જવાબદારતંત્ર અને વહીવટીતંત્ર સહીત રાજ્યકક્ષાએ અનેકવાર રજુઆત કરવામાં આવતા આખરે મોડાસા શહેરના બાયપાસ રોડ પર ૪ જગ્યાએ સર્કલ બનાવવાની માંગને સ્વીકારવામા આવી હતી અને તંત્ર દ્વારા સર્વે સહિતની કામગીરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કર્યા બાદ સર્કલ બનાવવાની કામગીરી ટલ્લે ચઢતા સોમવારે સવારે સહયોગ ચોકડી નજીક એક્ટિવા ચાલક દંપતીને ટ્રકે અડફટે લેતા ગર્ભવતી યુવતીનું મોત થતા વધુ એકવાર સર્કલ બનાવવાની માંગ સાથે લોકોએ સહયોગ ચોકડી પર ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો હતો. ચક્કાજામના પગલે પોલીસતંત્ર અને જવાબદારતંત્ર ઘટનાસ્થળે પહોંચી લોકોને સમજાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.

શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ-૨૭ મોડાસા શહેરમાંથી પસાર થતા ટ્રાફિક સમસ્યા હળવી કરવા માટે મોડાસા શહેરની બહાર બાયપાસ રોડ બનાવવામાં આવ્યો હતો અને ભારવાહક વાહનો બાયપાસ રોડ પરથી પસાર પુરઝડપે પસાર થતા હોવાથી જિલ્લા સેવાસદન, બાજકોટ જંક્શન, મેઘરજ બાયપાસ ચોકડી અને માલપુર બાયપાસ ચોકડી પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ ભારે વાહનોની અડફેટે ચડતા અકસ્માતની ઘટનાઓનો ક્રમ રોજબરોજનો બની જવાની સાથે કેટલાય નિર્દોષ વાહનચાલકોએ જીવ ગુમાવવો પડતા મોડાસા શહેરીજનો અને સેવાકીય સંસ્થાઓ દ્વારા ઉચ્ચકક્ષાએ ઉગ્ર રજુઆત કરતા લોકમાંગ જવાબદાર વિભાગીય તંત્ર દ્વારા સ્વીકારી સર્વેની કામગીરી હાથ ધરી ટૂંક સમયમાં ૪ સ્થળોએ સર્કલ બનાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સર્કલ બનાવવા જગ્યાની માપણી કર્યા બાદ અગમ્ય કારણોસર સર્કલ બનાવવાની કામગીરી ટલ્લે ચઢતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને વધુ કોઈ નિર્દોષનો ભોગ લેવાય તે પહેલા સર્કલ બનાવની માંગ પ્રબળ બની છે.

# પાલનપુર નગરપાલિકા દ્વારા બાકી વેરા પેટે ૨૦૦ મિલ્કત ધારકોને નોટીસ

### સાત દિવસમાં વેરો ન ભરનારની મિલકત સીલ કરવામાં આવશે

ભાજપ પાલનપુર નગરપાલિકા વિસ્તાર માં મિલકત ધરાવતા વ્યક્તિઓ દ્વારા પાલિકાનો વેરો ભરપાઈ ન કર્યો હોય તેવા ૨૦૦ મિલકત ધારકોને નોટીસ ફટકારવામાં આવી છે. જેના પગલે ફફડાટ પ્રસરી ગયો છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ની હદ વિસ્તારમાં રહેણાંક મિલકત ૩૫,૭૭૨ તેમજ કોર્મસિયલ ૨૧૧૩૨ મિલ્કતો આવેલી છે. જેમાંથી કેટલીક મિલ્કત ધારકો દ્વારા પાલીકાનો વેરો ભરપાઈ કરવામાં આવ્યો નથી. જેથી અંદાજીત ૨૦ લાખ ઉપરાંતનો વેરો બાકી હોવાથી પાલિકાના ચિફ ઓફીસર સતિષ પટેલ દ્વારા રીઢા વેરા બાકીદારો સામે લાલ આંખ કરવામાં આવી છે.

આ અંગે ઘરવેરા અધિકારી મહેશભાઈ જોષીએ જણાવ્યું હતુ કે, પાલનપુર નગરપાલિકાની હદવિસ્તારમાં મિલકત ધરાવતા હોય અને વેરો ભરપાઈ ન કર્યો હોય તેવા ૨૦૦ વ્યક્તિઓને નોટીસો આપી વેરો ભરપાઈ કરવા જાણ કરવામાં આવી છે. અને સાત દિવસમાં વેરો ભરપાઈ કરવામાં નહી આવે તો પાલિકા દ્વારા જુદી-જુદી ટીમો બનાવી રીઢાબાકી દારોની મિલકત સીલ કરવામાં આવશે.

# કૃષિબીલ અંબાણી, અદાણી ઉદ્યોગપતિઓ માટે બનાવામાં આવ્યું છે : અશ્વિન કોટવાલ

કૃષિ કાયદાના વિરુદ્ધ ખેડૂતોના આંદોલનને ૨૫ થી વધુ દિવસો પુરા થઈ ચુક્યા છે. કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાઓના વિરોધમાં ચાલી રહેલું ખેડૂતોનું આંદોલન વધુ ઉગ્ર બનતું જાય છે. અગાઉ એક દિવસ ઉપવાસ કરનારા આંદોલનકારી ખેડૂતોએ હવે ૨૪ કલાકના ઉપવાસ કરવાની જાહેરાત કરી છે. હાલમાં દિલ્હી ખાતે કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલ આંદોલનમાં શહિદ થયેલા ૩૦ થી વધુ ખેડૂતોને શ્રદ્ધાંજલિ આપવા માટે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ દ્વારા મોડાસા સર્કિટ હાઉસમાં શ્રદ્ધાંજલી અર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

દિલ્હી ખેડૂત આંદોલન સાથે સંકળાયેલા ૩૦થી વધુ ખેડૂતોનો અલગ અલગ ઘટનાઓમાં મોત થતા સમગ્ર દેશમાં ખેડૂતોને શ્રદ્ધાંજલી અર્પણ અપાઈ રહી છે ત્યારે મોડાસા સર્કિટહાઉસમાં વિધાનસભાના



દંડક અને ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ, ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, અરુણ પટેલ, જીલ્લા પ્રમુખ કમલેન્દ્રસિંહ સહીત અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થીત રહી ખેડૂતોને શ્રદ્ધાંજલી આપી મૌન પાડ્યું હતું.

વિધાનસભાના દંડક અશ્વિન કોટવાલે કેન્દ્ર સરકારે અમલીકરણ કરેલા કૃષીબીલ ખેડૂતોને અન્યાય કરતા અને ગરીબી તરફ ધકેલાતા ત્રણ કાયદા હાલ ખેડૂતો કૃષીબીલના વિરોધમાં દિલ્હી ખાતે આંદોલન કરી રહ્યા છે ત્યારે સરકાર ખેડૂતો સાથે કોઈ પણ પ્રકારની ચર્ચા કરતી નથી અને આ બીલ અંબાણી અને અદાણીને ફાયદો કરાવવા માટે તૈયાર કરવામાં આવ્યા હોવાનું અને ગરીબ ખેડૂતોને લૂંટવા માટે લાવવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

### ૪૦૦ વર્ષ પછી ગુરૂ અને શનિ ગ્રહની

# અદ્ભુત અને અદ્વિતીય મહાયુતિ ટેલિસ્કોપથી નિહાળવા માટે ટેલીસ્કોપ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર મુકાયું

મોડાસા, તા. ૨૨

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર પ્રેરિત મ.લા.ગાંધી



ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, અરવલ્લી દ્વારા તા. ૨૧ ડિસેમ્બરના રોજ એટલે કે માહા યતિના દિવસે ગુરુ અને શનિ બંને ગ્રહો એકબીજાથી માત્ર ૦.૧ અંશ જેટલા દૂર હશે. બંને મળીને એક તારો હોય એવું લાગતું હતું. આ અલૌકિક દ્રશ્ય જોવાનો લાભ મોડાસા નગરના નગરજનોએ ઘી. મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રભારી મંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહ, સર પી.ટી. સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. કે.પી. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નાયબ જિલ્લા શિક્ષણાધિકારી પટેલ સમીરભાઈ પણ ફેમિલી સાથે મહાયતિ જોવા ઉપસ્થિત રહ્યા હતા. મોડાસાની સર્વોદય હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ડૉ.રાકેશભાઈ મહેતા, સરસ્વતી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ડો.જીગ્નેશભાઈ અને સંજયભાઈ પંડ્યા, વિદ્યાર્થીઓ તેમજ ખગોળ રસિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. જે લોકોને આ મહાયતિનું અલૌકિક દ્રશ્ય જોવાનું રહી ગયેલ છે ! તેમને ૨ નવેમ્બર ૨૦૪૦ કે ૭ એપ્રિલ ૨૦૬૦ સુધી રાહ જોવી પડશે! પણ ત્યારે તે બન્ને ગ્રહો આટલા નજીક નહીં હોય. તેમની વચ્ચેનું અંતર ૧.૧ અંશ અર્થાત તે વખતે ૧૧ ઘણું વધારે હશે. સમગ્ર આયોજન જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, અરવલ્લીના કો-ઓર્ડીનેટર પટેલ ચંદનબેન અને ચૌધરી જયભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

# બનાસકાંઠામાં કોરોનાના વધુ ૨૬ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં જ દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો પ્રકોપ હવે ધીરે ધીરે શાંત થતા કોરોનાની ગતિ મંદ પડતી જાય છે. ત્યારે મંગળવારે કોરોનાના વધુ ૨૬ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૯૯૭ એ પહોંચી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે કોરોનાના વધુ ૨૬ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં થરાદ ૦૧, ગાંધી લિંકન ૧૦, બનાસ મેડિકલ ૧૧, માઈક્રોન ૦૨, આદર્શ ૦૨ મળી કુલ ૨૬ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૯૫૧ સેમ્પલમાંથી ૨૬ કેસ પોઝેટિવ આવ્યા હતા.

# કાણોદરના ગોડાઉનમાંથી પ્રતિબંધિત બાયોડિઝલનો જથ્થો ઝડપાયો

### પોલીસે ૮૨૦૦ લીટર કિંમત રૂ.૪,૫૯,૨૦૦નો જથ્થો કબજે કર્યો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તરુણકુમાર દુગ્ગલએ ગુજરાત સરકાર દ્વારા પ્રતિબંધિત બાયો ડીઝલનું ગેર કાયદેસર વેચાણ અટકાવવા જરૂરી અમલવારી કરવાની સૂચના આપવામાં આવી હતી. જેના પગલે મદદનીશ પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ તાલુકા પીએસઆઈ બી. આર. પટેલને મળેલ હકીકત આધારે પીએસઆઈ કે.કે. પાટડીયા, જે.કે. જુગી તેમજ પોલીસ સ્ટાફના જયેશકુમાર, કેતનકુમાર, રાજેશદાન, દીપકભાઈની ટીમ દ્વારા કાણોદર ગામે ઈન્ડેન ગરાસિયા ગેસ ગોડાઉન સામે આવેલ બંધ ગોડાઉનમાં રેઈડ કરતા તેમાં શંકાસ્પદ બાયોડીઝલ હોવાનું જણાતા સરકારની ગાઈડ લાઈન મુજબ પાલનપુર મામલતદાર તેમજ પુરવઠા વિભાગની ટીમના સંયુક્ત ઓપરેશન દ્વારા ઉપરોક્ત ગોડાઉન ના માલિક અશરફભાઈના કબ્જામાંથી ગેરકાયદેસર બાયોડીઝલ યુક્ત પેટ્રોલીયમ પદાર્થ લીટર ૮૨૦૦ કિરૂ.૪,૫૯,૨૦૦ મળી આવતા નિયમા નુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ઉપરોક્ત સંયુક્ત ટીમ દ્વારા લેવામાં આવેલ સેમ્પલ તપાસણી માટે મોકલી આપેલ હોય જેના અહેવાલ બાદ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોવાનું પોલીસ સુત્રોએ જણાવ્યુ હતુ.

# કૃષિ કાયદાના વિરોધ માટે સાબરકાંઠામાં કોંગ્રેસ એક્શન મોડમાં આવશે

### ૧૦ જાન્યુઆરી સુધીના કાર્યમકમોનું આગોતરું આયોજન કરાયુ : હિંમતનગરના કોંગ્રેસ કાર્યાલયમાં શહિદ ખેડૂતો માટે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા.૨૨

કેન્દ્રની ભાજપ સરકારે બહુમતીના જોરે લોકસભા અને રાજ્યસભામાં ત્રણ ખેડૂત વિરોધી બીલ પાસ કરીને દેશના ખેડૂતો સાથે દ્રોહ કર્યો છે ત્યારે છેલ્લા થોડા સમયથી પંજાબ, હરીયાણા, યુપી સહિતના અન્ય રાજ્યોના ખેડૂતો દિલ્હીની સરહદે બેસીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે ત્યારે તેમના સમર્થનમાં ગુજરાત કોંગ્રેસે પણ ઝુકાવ્યુ છે. અને આ ખેડૂત આંદોલનને ગામડાઓ સુધી પહોચાડવા માટે કોંગ્રેસના કાર્યકરો અને અગ્રણીઓ તૈયાર થયા છે ત્યારે મંગળવારે હિંમતનગરના કોંગ્રેસ કાયાલય ખાતે આંદોલનમાં શહિદ થયેલા લગભગ ૨૦ વધુ ખેડૂતોને શ્રધ્ધાંજલી આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અને તા.૧૦ જાન્યુઆરી સુધી કોંગ્રેસ ધ્વારા યોજાનાર વિરોધ કાર્યક્રમોનું આયોજન કરીને તેને આખરીઓપ આપવામાં આવ્યો છે.

આ અંગે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસના નવનિયુક્ત યુવા પ્રમુખ કમલેશભાઈ પટેલના જણાવાયા મુજબ કેન્દ્રની ભાજપ સરકારે તૈયાર કરેલા ત્રણ ખેડૂત વિરોધી કાયદાની દુરોગામી અસરો અંગે સાબરકાંઠા જિલ્લાના ખેડૂતોને જાણકારી આપવા માટે કોંગ્રેસ ધ્વારા ગામેગામ જઈને ખડૂતોને જાગૃત કરવામાં આવશે. સરકારના કૃષિવિરોધી તથા અન્યાયી કાયદા અંગે જાણકારી આપતા જિલ્લા પ્રમુખે જણાવ્યુ હતુ કે સરકારના આ નવા કાયદાને લીધે ખેડૂતો માત્ર

# જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અરવલ્લી દ્વારા "Mathematics Day"ની ઉજવણી

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર પ્રેરિત મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, અરવલ્લી દ્વારા દ્વિ દિવસીય ઉજવણી કરવામાં આવી. ૨૧મીએ "Maths quiz"નું આયોજન કરવામાં આવ્યા. જિલ્લામાંથી ૨૨૩ વિદ્યાર્થીઓ જોડાયા. ૨૨-૧૨-૨૦ના રોજ "Google Meet" એપ્લિકેશનના માધ્યમથી "Mathematics in Real World" વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. પ્રો. ડૉ. વંદનાબેન પટેલ દ્વારા જીવનમાં કેટલું મહત્વ છે. ગણિતને રસપ્રદ બનાવવા માટે શું કરવું જોઈએ તેના વિશેની સુંદર માહિતિ આપી હતી. વેબિનારમાં ખાસ મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રભારી મંત્રી સુરેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.